મહત્તમ : ૩૧.૬ ડીગ્રી
લઘુતમ : ૧૩.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૨૩ ટકા

**ગાંધીનગર તાપમાન**



રાજયમાં સ્વાઈન ફલુનો રોગચાળો વકર્યો છે ત્યારે નગરજનો માટે સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા વિના મૂલ્યે સ્વાઈન ફલુના ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેનો નાગરિકોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

## ઠાકોર-કોળી વિકાસ નિગમ દ્વારા ૧૨૬૦ લાભાર્થીઓને ૮ કરોડનું ધિરાણ અપાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરમાં આગામી તા. ૨૭મી ફેબ્રુઆરી બુધવારના રોજ બપોરે ૨.૩૦ કલાકે સેક્ટર-૧૨માં સિવિલ હોસ્પિટલ કેમ્પસ ખાતેના ઓડિટોરિયમમાં ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ દ્વારા ૧૨૬૦ જેટલાં લાભાર્થીઓને રૂ. ૮ કરોડ જેટલા ધિરાણના ચેક વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે લાભાર્થીઓને ચેક વિતરણ કરાશે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને યોજાનાર સમારોહમાં મુખ્ય મેહમાન પદે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ઈશ્વરભાઈ પરમાર, શ્રમ અને રોજગારમંત્રી દિલીપકુમાર ઠાકોર, પાણી પુરવઠા, પશુપાલન અને ગ્રામ ગૃહ નિર્માણ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા તેમજ અતિથિ વિશેષ પદે મંત્રીઓ વાસણભાઈ આહિર, પુરૂષોત્તમભાઈ સોલંકી, બચુભાઈ ખાબડ અને ઈશ્વરસિંહ પટેલ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત ગુજરાત વિધાનસભાના દંડક ભરતસિંહડી ડાભી અને અગ્ર સચિવ મનોજ અગ્રવાલની વિશેષ ઉપસ્થિતિ રહેશે. આ કાર્યક્રમમાં વડાપ્રધાન પ્રેરિત ડિઝીટલ ઈન્ડિયા અંતર્ગત લાભાર્થીઓને તેમના ખાતામાં ઓનલાઈન પેમેન્ટ કરાશે. અત્રે ઉલ્લેખનીય છે કે નિગમ દ્વારા ૨૦૦૫થી અત્યાર સુધીમાં ૧૨,૮૦૦ જેટલાં લાભાર્થીઓને ૬૨ કરોડ રૂપિયા સુધીનું ધિરાણ કરવામાં આવ્યું છે. જેમાં ૬૬૬ જેટલાં વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે ૯ કરોડના ધિરાણનો સમાવેશ થાય છે. નિગમના અધ્યક્ષ તરીકે ભૂપતભાઈ ડાભી, બિનસરકારી નિયામક તરીકે મંજુલાબેન ઘાડવી, હરમાનભાઈ ઠાકોર, ભૂપતસિંહ સોલંકી અને જયકાંતભાઈ ડાભી ઉપરાંત મેનેજીંગ ડિરેક્ટર તરીકે જશવંત ગાંધી તેમની સેવાઓ આપી રહ્યા છે.

## ડીપીએસમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલતી એલસીબી

ગાંધીનગર, તા.૨૪

થોડાક સમય અગાઉ અડાલજ થી કોબા જતા માર્ગ પર આવેલ દિલ્હી પબ્લીક સ્કૂલમાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલીને ચોરી કરતી ગેંગના ત્રણ આરોપીઓને પકડી પાડી રૂ.૨,૭૫,૦૦૦ ની રોકડ રકમ તેમજ કેમેરો, મોબાઈલ મળી કુલ રૂ.૩,૦૧,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી ગાંધીનગર, મહેસાણા અમદાવાદ જિલ્લા અને અમદાવાદ શહેર સહિતના ઘરફોડ ચોરીના અન્ય ૧૧ ગુનાઓનો ભેદ ગાંધીનગર એલસીબી પોલીસે ઉકેલી દીધો છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગત તા.૫ જાન્યુઆરીના રોજ અડાલજ કોબા માર્ગ પર અંબાપુર ગામની સીમમાં આવેલી દિલ્હી પબ્લીક સ્કુલ (ડીપીએસ)માં અજાણ્યા ઈસમોએ સ્કુલમાં પ્રવેશીને શાળાની ઓફીસના તાળા તોડી તેમાં રોકડ રૂ. ૪,૦૦,૦૦૦ ભરેલુ ગોદરેજ કંપનીનું લોકર તેમજ બે મોબાઈલ કિ. રૂ.૧૦,૦૦૦, અને ત્રણ કેમેરા રૂ.૭૫૦૦૦ મળી કુલ રૂ. ૪,૮૫,૦૦૦ ની ચોરી થઈ હતી. આ કેસની તપાસ પહેલા અડાલજ પોલીસ અને ત્યારબાદ એલસીબીને સોંપવામાં આવી હતી. ત્યારે આ ગુનાને લઈ એલસીબીના અ.હે.કો. કેતનકુમાર રમણલાલને માહીતી મળી હતી કે આ ગુનામાં પલનીસ્વામી ઉર્ફે અન્નો સન ઓફ મહાધીશ કઉન્દર નામનો શખ્સ સંકળાયેલ છે. અને તે અગાઉ સુરત ડભોલી ગામે રહેતો હતો. અને હાલ તે પોતાના વતન તામીલનાડુ રાજયના શરી પુરમ ખાતે ગયો છે. જેથી એલસીબી પીએસઆઈ એમ.જે.શીંદે, અ.હે.કો કેતન કુમાર રમણલાલ,



અ.હે.કો. સુરેશકુમાર છાજુરામ તેમજ અ.હે.કો. સરવન કુમાર ગણેશસ્વામી પીલ્લઈ તામીલનાડુના સરનામે ગયા હતા. આ શખ્સને તેના ઘરેથી શંકાના આધારે જરુરી પુછપરછ અંગે ગાંધીનગર એલસીબી કચેરી ખાતે લાવ્યા હતા. આ શખ્સની ઉંડાણપૂર્વક પુછપરછ કરતા પોતાનુ નામ પલનીસ્વામી ઉર્ફે અન્નો સન ઓફ મહાધીશ મારીઅપ્પન કઉન્દર રહે. શુમનકુંજ એપાર્ટમેન્ટ, ૨ જો માળ ઘર નં.૨૦૪, ડભોલી ગામ સુરત મુળ રહે. રાશીપુરમ તા. શશીપુરમ જી.નામકકલ, તામીલનાડુ હોવાનું જણાવ્યું હતું. ઘરફોડ થયેલી ચોરી અંગે પુછતા તા.૪-૫ જાન્યુઆરીને ૨૦૧૯ ની નાઈટ દરમિયાન તે અને તેના સાગરીતો જેમાં વનરાજ ઉર્ફે કરણ સનઓફ સોમાભાઈ ડામોર રહે. ગરીબ આવાસ યોજના, બ્લોક નં.૧૧ મ.નં.૩૩૮ પ્રહલાદનગર રખીયાલ અમદાવાદ મુળ રહે. જાફરપુરા, ડુંગરી ફળીયું, તા.ઝાલોદ, જી.દાહોદ, રાજુ સોમાભાઈ ડામોર, રહે. ગરીબ આવાસ યોજના બ્લોક નં૯ મકાન નં.૨૮૮ નારોલ અમદાવાદ, મુળ રહે. જાફરપુરા, ડુંગરી ફળીયું, તા.ઝાલોદ જિ.દાહોદ, અને બે બીજા સાગરીતો સાથે મળીને સ્કુલની પાછળની દિવાલમાં આવેલી લોખંડની જાળી ઉંચી કરી ખેતરના માર્ગેથી અંદર પ્રવેશ્યા હતા. શાળામાં પ્રવેશી ઓફીસોના તાળા તોડી ગોદરેજ કંપનીનું લોકર સહિત મોબાઈલ તેમજ કેમેરા સહિત કુલ રૂ. ૪,૮૫,૦૦૦ ની ચોરી કરી હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે તપાસના ચક્રો ગતિમાન કરતા અન્ય સાગરીતોને આજે રણાસણ સર્કલેથી ઝડપી પાડી તેમની પાસેથી રોકડ રૂ. ૨,૭૫૦૦૦ તેમજ મોબાઈલ, કેમેરો મળી કુલ રૂ. ૩,૦૧,૦૦૦ નો મુદામાલ કબ્જે કર્યો હતો અને ચોરીમાં વપરાયેલા સાધનો ખાતરીયા, ડીસમીસ, આરીપાના પણ કબ્જે કર્યા છે. આ ઉપરાંત આ શખ્સોએ ગાંધીનગરના ઈન્ફોસીટી વિસ્તારમાં આવેલ બીએપીએસ શાળામાં ચોરી કરી હતી. તે ઉપરાતં કલોલમાં સઈજ ગુરુકુલ, સિંદબાદ હોટલ સામે ક્રિશ્ચિન સ્કુલ, કલોલ માર્કેટ યાડના ગોડાઉનમાં ચોરી, કાંકરીયા વાણીજ્ય ભવન સામેની શાળામાં ચોરી, કઠલાલ અને મહેસાણા ખાતે પણ ચોરી કરી હોવાનું તપાસમાં જાણવા મળ્યું છે.

## આજે સિધ્ધિ વિનાયક ખાતે પાટોત્સવ યોજાશે

આજે સિધ્ધિ વિનાયક મંદિર સે-૨૧ ખાતે મંદિરનો પાટોત્સવ સવારે ૯ કલાકથી શરુ થશે અને સાંજે ૬ કલાકે પૂર્ણાહુતિ બાદ મહાઆરતી યોજાશે. મહારાષ્ટ્ર સમાજ દ્વારા ભાવિક ભકતોને દર્શન અને મહાઆરતીનો લાભ લેવા જણાવાયું છે.

## સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની માસિક સભા યોજાશે

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની માસિક સભા તા. ૨૮મી ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ સાંજે ૪.૩૦ કલાકે સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજ વાડી ખાતે યોજાશે. સભાની પૂર્ણાહુતિ બાદ સાંસ્કૃતિક પ્રવૃત્તિના ભાગરૂપે અમદાવાદના કલાકારો દ્વારા જુના ફિલ્મી ગીતો રજુ કરવામાં આવશે તો સંસ્થા દ્વારા સભ્યોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

### ચિરવિદાય

- સ્વ. પરમાર જશુજી મોહનજી, ઉ.વ. ૪૨
- સ્વ. પટેલ ડાહીબેન મોતીભાઈ, ઉ.વ. ૮૭
- સ્વ. બારોટ વૈશાલીબેન હરેશભાઈ, ઉ.વ. ૩૮
- સ્વ. જસબીરસિંઘ ખેરા, ઉ.વ. ૭૦
- સ્વ. ઠાકોર ખોડાજી જેણાજી, ઉ.વ. ૬૦

## બાપુ ગુજરાત નોલેજ વિલેજમાં 'કાર્નિવલ ધ વિલેજ' કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર-માણસા હાઈવેના નૈસર્ગિક અને શાંત વાતાવરણમાં થનગનતા બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસની વિવિધ સંસ્થાઓના વિદ્યાર્થીઓમાં રહેલી સુપુપ્ત શક્તિઓ, મૂલ્યો અને આવડતને ખીલવવાના હેતુથી તા. ૧૮ થી ૨૨ સુધીમાં વિવિધ સહ-અભ્યાસકીય પ્રવૃત્તિઓ જેવી કે રમત-ગમત, ટેકનિકલ સ્પર્ધાઓ વગેરે યોજાઈ હતી. વિદ્યાર્થીઓના ટેલેન્ટે સમાજલક્ષી બનાવવાના અંતિમ પડાવમાં તા. ૨૨-૨-૧૯ના રોજ બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસનો પરંપરાગત કાર્યક્રમ 'કાર્નિવલ ધ વિલેજ' સમી સાંજના રોજ યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં રહેલા છુપા કલાકારને યોગ્ય દિશા અને પ્લેટફોર્મ આપવાનો હતો.

આ કાર્યક્રમમાં બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસના પ્રણેતા અને ધરોહર સમા શંકરસિંહ વાઘેલા બાપુ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓએ કરેલા વિવિધ સંગીત અને પરંપરાગત ડાન્સના કાર્યક્રમોને બિરદાવ્યા હતા અને તેમના વક્તવ્યમાં વિદ્યાર્થીઓની આંતરિક શક્તિઓ અને મૂલ્યના વિકાસ પર ભાર મુક્યો હતો. આ ઉપરાંત, સંસ્થાના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, ભરતસિંહ વાઘેલા, કેમ્પસ ડાયરેક્ટર પ્રો. રવીકુમાર, દરેક કોલેજના આચાર્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ ગુજરાતની સંગીત ક્વીન કિંજલ દવે હાજર રહી સંસ્થાના દરેક વિદ્યાર્થીઓને અને સ્ટાફ મિત્રોને સંગીતના તાલે ઝુમતા કરી સંગીત સંધ્યાના કાર્યક્રમની શોભા વધારી હતી. કિંજલ દવેએ પોતાની આગવી શૈલીમાં ગીતો ગાઈ સમગ્ર વાતાવરણને સંગીતમય બનાવ્યું હતું અને અંતમાં પુલવામાંના શહિદ થયેલા સૈનિકોને શ્રદ્ધાંજલિ આપતુ ગીત ગાયુ હતુ.

આ ઉપરાંત કેમ્પસની દરેક સંસ્થાઓ જેવી કે ઈજનેરી, સાયન્સ એન્ડ કોમર્સ, ફાર્મસી, નર્સિંગ અને લૉના વિદ્યાર્થીઓએ અલગ-અલગ કાર્યક્રમો જેવા કે પરંપરાગત ગરબા, વેસ્ટર્ન ગ્રુપ સોંગ, સોલો સોંગ, ભારતીય ગૃપ સોંગ, સંસ્થામાં ભણતાં વિદેશી વિદ્યાર્થીનું ગૃપ સોંગ, ફયુઝન ડાન્સ, મરાઠી ડાન્સ, ભાંગડા ડાન્સ, લેઝી ડાન્સ, નાટક અને ફેશન શૉ જેવા અનેક કાર્યક્રમો રજુ કરી ભારતીય સંસ્કૃતિના સંગીતના વારસાનું પ્રદર્શન કરી કાર્યક્રમમાં હાજર રહેલા આમંત્રિત મહેમાનો, વાલીગણ અને વિદ્યાર્થીઓને મંત્રીમુગ્ધ કર્યા હતા. વિદ્યાર્થીઓએ પુલવામાના શહિદ જવાનો માટે સ્ટેજ પર ડાન્સની સાથે ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પી હતી.

## પાંચ તાલુકા પ્રજાપતિ સમાજનો ૨૬મો સમૂહલગ્નોત્સવ સંપન્ન

ગાંધીનગર, તા.૨૪

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ, દહેગામનો ૨૬મો સમૂહલગ્નોત્સવ તા. ૧૦મી ફેબ્રુઆરીને રવિવારના રોજ યોગેશ્વર કોલ્ડ સ્ટોરેજ અને વિનાયક કોલ્ડ સ્ટોરેજ, અહમદપુરા, રખિયાલ રોડ, દહેગામ ખાતે મહેમાનો, દાતાઓ તથા વિશાળ સંખ્યામાં જ્ઞાતિબંધુઓની ઉપસ્થિતિમાં તેમજ સમાજના કાર્યકરો, સ્વામી વિવેકાનંદ



યુવામંચ અને બ્રહ્માણી ગૌરવ ગ્રુપના યુવાનો, મહિલા પાંખની ભારે જહેમતથી ધામધૂમથી સંપન્ન થયો હતો. આ ૨૬મા સમૂહલગ્નોત્સવમાં ૨૪ યુગલોએ પ્રભુતામાં પગલાં પાડયા હતા.

લગ્નવિધિ બાદ શ્રીમતી શીલાબેન રમેશભાઈ પ્રજાપતિ (મામા) અધ્યક્ષસ્થાને સમૂહલગ્નનો સત્કાર સમારંભ યોજાયો હતો. પ્રાર્થના બાદ સંસ્થાના પ્રમુખ નારણભાઈ એસ. પ્રજાપતિ એ સૌ જ્ઞાતિબંધુઓને આવકાર્યા હતા. 'રજત જયંતિ વર્ષ' હોવાથી 'નારી શકિતજાગરણ' અને 'સ્ત્રી સશકિતકરણ' નિમિત્તે સમૂહલગ્નમાં આજીવન દાતા બહેનો જ સ્ટેજ પર બિરાજમાન હતી. દાતા બહેનોને ફુલહાર, શાલ અને મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી અર્ચનાબેન પ્રજાપતિનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. સમૂહલગ્નના કન્વીનર અરવિંદભાઈ પ્રજાપતિ, યુવામંચના કન્વીનર જશુભાઈ ગુર્જર તથા ગૌરવગ્રુપના સભ્યોએ પ્રસંગને સફળ બનાવવા માટે ખુબ જ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉર્મિલાબેન પ્રજાપતિ, મિનાક્ષીબેન ગુર્જર, પારૂલબેન પ્રજાપતિ અને પ્રતિક્ષાબેન પ્રજાપતિએ કર્યું હતું. સમાજના અગ્રણી અને પૂર્વ પ્રમુખ ગાંડાભાઈ ગુર્જર, પ્રમુખ નારણભાઈ એસ. પ્રજાપતિ, મંત્રી જગદીશભાઈ પી. પ્રજાપતિએ માર્ગદર્શન પુરું પાડયું હતું. અમીબેન રાજેન્દ્રકુમાર પ્રજાપતિએ આભારવિધિ કરી હતી.


# માતૃભાષાના સન્માનમાં ફરી એકવાર કેમ ના 'વાંચે ગુજરાત?'

## વિશ્વ માતૃભાષા દિવસની સોશ્યલ મિડીયા પર થયેલ ઉજવણીએ ગુજરાતીઓની વ્યથા તો વ્યકત કરી પરંતુ એક સમયે ગુજરાતી ભાષા માટે પ્રેરકબળ બનેલા ઐતિહાસિક અભિયાન 'વાંચે ગુજરાત'ની ખોટ પણ વર્તાઈ

ગાંધીનગર, તા.૨૪

'હું આજે વૈજ્ઞાનિક બની શકયો છું કારણ કે હું મારી માતૃભાષામાં ભણ્યો છું.' આવું ગૌરવભેર સ્વીકારનાર ભારતના સપૂત પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ આજે આપણી વચ્ચે નથી પરંતુ તેમના શબ્દો માતૃભાષાની અવગણના કરી પોતાના સંતાનોને અન્ય ભાષાના માધ્યમમાં પાયાનું પ્રાથમિક શિક્ષણ અપાવવાનું કૃત્ય કરી રહેલા મા-બાપને કરેલી કઠોર ટકોર સમાન છે. ફરી એકવાર ગુજરાતીઓએ ગત તા. ૨૧મી ફેબ્રુઆરીએ સોશ્યલ મિડિયા પર 'વિશ્વ માતૃભાષા દિવસ' ઉજવ્યો છે અને માતૃભાષાને 'યાદ' કર્યાનો સંતોષ માણ્યો છે. કોઈ પણ ભાષાની સક્ષમતા તે ભાષામાં રચાયેલા સાહિત્યથી અને તે સાહિત્યની સક્ષમતા તેના વાચકો પરના પ્રભાવ પરથી સ્પષ્ટ થાય છે અને એટલે જ જે ભાષામાં સાહિત્ય સર્જન વધુ થાય અને વધુ વંચાય તે ભાષા વધુ સક્ષમ બને છે. ગુજરાતમાં વર્ષ ૨૦૧૦માં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા રાજયના સુવર્ણ જયંતિ વર્ષમાં ઐતિહાસિક અભિયાન 'વાંચે ગુજરાત'નો શુભારંભ કરતા કહ્યું હતું કે 'આ મારો શિરમોર કાર્યક્રમ છે, મારે ગુજરાતની જનતાને વાંચતી કરવી છે. ગુજરાતીઓ માથે કલંક છે કે તેઓ માત્ર ચોપડા પૂજન કરે છે, મારે તેમને ચોપડીપૂજન કરતા કરવા છે.'


જયારે ભારતને ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ના રોજ




સ્વતંત્રતા પ્રાપ્ત થઈ ત્યારે પાકિસ્તાનનો પણ ઉદય થયો હતો જે બે ભાગમાં વહેંચાયેલું હતું, એક પશ્ચિમ પાકિસ્તાન અને બીજું પૂર્વ પાકિસ્તાન જેને અત્યારે આપણે બાંગ્લાદેશ તરીકે ઓળખીએ છીએ. આ બંને ભાગો રહેણીકરણી, સંસ્કૃતિ અને ભાષાથી તદન વિભિન્ન હતા અને પૂર્વ પાકિસ્તાનમાં બંગાળી ભાષા ચલણમાં હતી કેમ કે બંગાળના ભાગલા પાડીને પૂર્વ પાકિસ્તાનનું સર્જન થયું હતું. પાકિસ્તાન સરકારે ઉર્દૂને રાષ્ટ્રભાષા જાહેર કરતા પૂર્વભાગના નાગરિકોમાં વિરોધનો સૂર ઉભો થયો જેની આગેવાની ચાર યુવાનોએ લીધી હતી. આ વિરોધને ડામવા કડક પગલાં લેવાયા જેમાં તા. ૨૧મી ફેબ્રુઆરી ૧૯૫૨ના રોજ યુનિવર્સિટી ઓફ ઢાકા ખાતે કરવામાં આવેલા ફાયરીંગમાં અસંખ્ય નાગરિકો સાથે આ ચારેય યુવાનો શહીદ થયા હતા. આમ છતાં આ આંદોલન ચાલુ રહ્યું અને ૧૯૫૬માં પાકિસ્તાને બંગાળી ભાષાનો સ્વીકાર કરવો પડયો. વર્ષ ૧૯૭૧માં બાંગ્લાદેશ તરીકે આઝાદ થયેલા પૂર્વ પાકિસ્તાને યુનેસ્કો સમક્ષ ૨૧મી ફેબ્રુઆરીને વિશ્વ માતૃભાષા દિવસ તરીકે માન્યતા આપવા માંગ કરી જેને ૧૭મી નવેમ્બર ૧૯૯૯ના રોજ સ્વીકૃતિ આપવામાં આવી હતી. આજે વિશ્વમાં ૬૯૦૯ ભાષાઓ જીવિત છે જેમાંથી ૩૮૯ ભાષા એટલે કે માત્ર ૬ ટકા ભાષાને બોલવાવાળાની સંખ્યા ૧૦ લાખથી વધુ છે. વિશ્વની ૯૪ ટકા વ્યકિતઓને આ ૬ ટકા ભાષાઓ સ્પર્શે છે અને બાકીની ૯૪ ટકા ભાષાઓ ૬ ટકા વ્યકિતઓના સહારે જીવિત છે. સંસ્કૃત વિશ્વની પ્રાચીનતમ ભાષા કહેવાય છે અને એમાંથી ૨૮૩ જેટલી ભાષાઓ જન્મી છે જેમાં ગુજરાતીનો ક્રમ ૬૪મો છે.

ગુજરાતી ભાષાને વર્ષ ૨૦૧૦માં 'વાંચે ગુજરાત' અભિયાન થકી અભૂતપૂર્વ પ્રરેકબળ પ્રાપ્ત થયું હતું. પરંતુ આશ્ચર્ય વચ્ચે રાજય સરકારનું આ સફળ અભિયાન હોવા છતાં તેને પુનઃ કાર્યાન્વિત કરાયું નથી.





'જે વાંચે તે વિચારે અને જે વિચારે તે વિકસે' એવું વિચારસુત્ર નવસારીની સયાજીવૈભવ લાયબ્રેરીમાં ઉદભવ્યું અને પછી ફેલાયું સમસ્ત ગુજરાતમાં. મહાદેવભાઈ દેસાઈ અને હર્ષદભાઈ શાહ નામના બે ભાષા ભેખધારીઓએ નરેન્દ્ર મોદી સમક્ષ આ વિષયે ચર્ચા કરી અને દીર્ઘદષ્ટા મુખ્યમંત્રીએ 'વાંચે ગુજરાત' અભિયાનને સુવર્ણ જયંતિ વર્ષમાં રાજયવ્યાપી બનાવવાનો સંકલ્પ કર્યો હતો. 'વાંચે ગુજરાત' અભિયાન અંતર્ગત લાખો વિદ્યાર્થીઓ નાગરિકો વાચતા થયા, ૧૮૫૩૮ શાળાઓએ 'વાંચન પ્રેરણા' નોંધ લખાવી-રાજયમાં ૨૨,૧૩૪ શિક્ષકો 'ગ્રંથ સારથી' તરીકે કાર્યરત બન્યા જેમાંથી ૨૦૩૭૩ શિક્ષકોએ કુલ ૧૦૨૩ જેટલી શિબિરોમાં હાજર રહી તાલીમ મેળવી. રાજયભરમાં ૧૨,૭૦૩ વાંચન શિબિર યોજાઈ જેમાં ૧૫,૫૩,૫૯૪ વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતા. શૈક્ષણિક સંકુલોમાં ૧૪,૮૧૧ પ્રેરણાસભાઓ યોજાઈ, ૯૯૮૧ શાળાઓના પુસ્તકાલયોમાં વિદ્યાર્થીઓ-વાલીઓ માટે પુસ્તક પ્રદર્શનો યોજાયા અને ૭૦૪૫ શાળાઓમાં વિચારમેળા યોજાયા. ૫ લાખથી વધુ વાર્તાલાપ યોજાયા અને ૨૪,૪૪૬ શાળાઓના ૨૮.૧૨ લાખ વિદ્યાર્થીઓએ ૬૭.૦૫ લાખ જેટલા પુસ્તકોનું વાંચન કર્યુ હતું. રાજયના ૨૦ જિલ્લામાં ૫૦૪૬ જેટલા ગ્રંથમંદિરોના નિર્માણ થયા અને રાજયની ૫૦૫ કોલેજોમાં ૭૮,૯૨૪ વિદ્યાર્થીઓએ ૬૫૫ જેટલા શેરી વાર્તાલાપો કર્યા હતા. 'વાંચે ગુજરાત' અંતગર્ત તરતું પુસ્તક યોજના હેઠળ રાજયમાં ૩.૩૬ લાખ પુસ્તકો તરતા મુકાયા જેમાંથી ૧.૪૧ લાખ પુસ્તકો વિવિધ પુસ્તકાલયોને પ્રાપ્ત થયા હતા. રાજયભરમાં એક સાથે ૬૫ જેટલાં સ્થાનો પર પુસ્તક મેળા યોજાયા અને તેની ૧૦.૩૭ લાખ મુલાકાતીઓએ મુલાકાત લીધી. જેમાં રૂ. ૭૫.૬૪ લાખના પુસ્તકો વેચાયા. રાજયભરમાં ૧૨,૫૩૩ ગ્રંથયાત્રા યોજાઈ અને ગામે ગામ મુખ્યમંત્રી સહિત નાગરિકો વ્યકિતગત કે સમૂહવાંચન પ્રક્રિયામાં ઉમળકાભેર જોડાયા હતા. સમગ્ર અભિયાનમાં ૨.૪૪ લાખ જેલી શાળાઓના ૨૮.૧૨ લાખ વિદ્યાર્થીઓએ ભાગ લઈ ૬૭.૦૫ લાખ જેટલા પુસ્તકોનું વાંચન કર્યુ તેમજ રાજયમાં કુલ રૂ. ૧.૧ કરોડની કિંમતના ૧ લાખ જેટલાં ઈનામો પુસ્તકો અને સામયિકના લવાજમ પેટે અપાયા હતા. રાજયભરમાં વાંચન પ્રત્યે એક અનોખો ઉત્સાહ પ્રસરી વળ્યો હતો કે શહેર કે ગામડામાં ચૌરે ને ચૌટે નાગરિકો વાંચનમાં જોડાયા હતા. આ સફળ અભિયાનને રાજય સરકાર દ્વારા કેમ ચાલુ ના રખાયું તે આશ્ચર્યનો વિષય છે કારણ કે આ અભિયાનમાં સરકારને અન્ય અભિયાનની તુલનામાં અત્યંત ઓછો ખર્ચ થયો હતો.

'વાંચે ગુજરાત' અભિયાન દરમિયાન અનેક સુત્રો પણ વહેતા કરવામાં આવ્યા હતા જેમ કે 'બુકે નહીં, બુક', 'પુષ્પ નહીં, પુસ્તક', 'ચાંલ્લો નહીં ચોપડી', 'ગ્રંથ દેખાડે પંથ', 'વાંચે ગુજરાત-જાગે ગુજરાત' અને બાળકોને ગમતું સુત્ર હતું 'જે પુસ્તકનો મિત્ર, તે મારો પણ મિત્ર'. આજે વિશ્વ માતૃભાષા દિવસના પરિપ્રેક્ષ્યમાં ગુજરાતી ભાષાને ઉન્નત શિખરે પહોંચાડવા ભાષાપ્રેમીઓ પુછી રહ્યા છે કે 'શું ફરી એકવાર કેમ ના વાંચે ગુજરાત?'

**'સદા સૌમ્ય શી વૈભવે ઉભરાતી,**
**મળી માતૃભાષા મને ગુજરાતી'**
**- ઉમાશંકર જોષી**

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@gmail.com